# GST રિટર્નની ડેડલાઈન નજીક, પોર્ટલ ફરી ઠપ: વેપારીઓ પરેશાન

**પોર્ટલની** ટેકનિકલ ક્ષમતા સુધારવાની વેપારીઓ દ્વારા માંગ કરવામાં આવી

સુરતઃ જીએસટી રિટર્ન ભરવાની છેલ્લી તારીખ નજીક આવતા જ દર વખતની જેમ આ વખતે પણ Goods and Services Tax Network(GST પોર્ટલ)માં ટેકનિકલ ખામીઓ સામે આવી છે. છેલ્લા બે દિવસથી સર્વર અત્યંત ધીમું ચાલતું હોવાથી તેમજ સાઈટ વારંવાર 'ક્રેશ' થવાને કારણે લાખો વેપારીઓ અને ટેક્સ પ્રોફેશનલ્સ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. વેપારીઓના જણાવ્યા મુજબ રિટર્ન ફાઈલિંગની સૌથી વ્યસ્ત સીઝનમાં પોર્ટલની સમસ્યાઓ વધતા કામ અટકી ગયું છે અને સમયમર્યાદા પહેલાં રિટર્ન ભરવાની ચિંતા વધી ગઈ છે. ટેક્સ પ્રોફેશનલ્સ કહે છે કે ડેડલાઈન નજીક આવી હોવા છતાં પોર્ટલની ધીમી ગતિને કારણે હજારો રિટર્ન બાકી છે. જો સમયસર સમસ્યા ઉકેલાશે નહીં તો વેપારીઓને દંડનો ભોગ બનવાનો ભય છે. વેપારીઓએ સરકારને સમયમર્યાદા વધારવા તેમજ પોર્ટલની ટેકનિકલ ક્ષમતા સુધારવાની માંગ કરી રહ્યાં છે.

**વેપારીઓને પડતી મુખ્ય સમસ્યા**

■ લોગ-ઈન પ્રોબ્લેમઃ પોર્ટલ પર લોગ-ઈન કરવાનો પ્રયાસ કરતાં જ ઘણા યુઝર્સને 'Error' અથવા 'Site under maintenance' જેવા મેસેજ જોવા મળે છે. જેના કારણે કલાકો સુધી રાહ જોવી પડે છે. ■ OTP મેળવવામાં ભારે વિલંબઃ રિટર્ન વેરિફિકેશન માટે જરૂરી OTP (વન ટાઈમ પાસવર્ડ) સમયસર મળતો નથી. ઘણા વેપારીઓના જણાવ્યા પ્રમાણે OTP કલાકો પછી આવે છે અથવા આવતો જ નથી, જેના કારણે ફાઈલિંગ પ્રક્રિયા અધૂરી રહી જાય છે. ■ ડેટા સેવ અને પ્રોસેસિંગમાં મુશ્કેલીઃ GSTR-1 અને GSTR-3B ભરતી વખતે ડેટા સેવ કરવામાં ઘણો સમય લાગી રહ્યો છે. ઘણા કિસ્સાઓમાં અંતે પેજ રિફ્રેશ થઈ જતા ફરીથી આખી માહિતી દાખલ કરવાની ફરજ પડે છે.

# આ વખતે 'ગુજરાત સ્થાપના દિવસ'ની રાજ્યકક્ષાની ઉજવણી સુરતમાં

**ડુમસ** રોડ પર વાય જંક્શન ખાતે આયોજીત ઉજવણીમાં મુખ્યમંત્રી સહિત આખું પ્રધાન મંડળ ઉપસ્થિત રહેશે



સુરતઃ 64 વર્ષ પૂર્વે એટલે કે તા. 1-5-1960ના રોજ ગુજરાત રાજ્ય મહારાષ્ટ્રમાંથી અલગ થયું. પરિણામે પહેલી મે ગુજરાત સ્થાપના દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વખતે રાજ્ય સ્તરનો ઉજવણીનો કાર્યક્રમ સુરતમાં આયોજિત કરવામાં આવ્યો છે. સુરતમાં અઠવા-ડુમસ રોડ પર વાય જંક્શન ખાતે મુખ્ય કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત ડુમસમાં અન્ય ત્રણ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણી બાદ તુરંત જ આ કાર્યક્રમ હોવાથી પોલીસ ચૂંટણીની દોડધામમાંથી હજુ તો રાહતનો શ્વાસ લેશે ત્યાં જ દોડધામ શરૂ કરવી પડે તેવી હાલત છે. કારણ કે રાજ્ય કક્ષાનો કાર્યક્રમ હોવાથી મુખ્યમંત્રી સહિત આખું પ્રધાન મંડળ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

આ બાબતે અધિક પોલીસ કમિશનર સેક્ટર-2 મહેન્દ્ર બગરિયાનો સંપર્ક કરતા તેમણે કહ્યું હતું કે ગુજરાત રાજ્ય સ્થાપના દિનની રાજ્ય કક્ષાની ઉજવણી સુરતમાં થશે એટલું નક્કી છે. પણ હજુ સુધી સંપૂર્ણ કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો નથી. વાય જંક્શન અને ડુમસમાં ચારેક કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે એવી પ્રાથમિક જાણકારી છે. ગુજરાતના કલા અને સાંસ્કૃતિક વારસો રજૂ કરતા કાર્યક્રમ ઉપરાંત અનેક કાર્યક્રમો યોજાશે. જેમાં મુખ્યમંત્રી ઉપરાંત અલગ અલગ ક્ષેત્રના તજજ્ઞો પણ ઉપસ્થિત રહેશે. ગરવા ગુજરાતના ગૌરવવંતા વારસાને રજૂ કરતા કાર્યક્રમોમાં અનેક કલાકારો, આગેવાનો પણ ઉપસ્થિત રહી પોતાની કલા રજૂ કરશે.

**કાર્યક્રમમાં વડાપ્રધાન પણ ઉપસ્થિત રહેવાના હતા**

ગુજરાત રાજ્ય સ્થાપના દિનની ઉજવણીના કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ સુરતમાં ઉપસ્થિત રહેવાના હતા. પરંતુ તેમના કાર્યક્રમમાં ફેરફાર થતાં હવે તે સ્થાપના દિનની ઉજવણીના દિવસે ઉપસ્થિત નહીં રહે પણ સંભવતઃ તા.3-5-26ના રોજ સુરતની મુલાકાત લે તેવી શક્યતા દર્શાવાઈ રહી છે.

### સ્વચ્છતામાં 'નંબર વન' બનવાની વાતો વચ્ચે વડોદરાની વરવી વાસ્તવિકતા

# વિકાસના દાવાઓ ગટરમાં ? અકોટામાં ગંદકીનું સામ્રાજ્ય,રોગચાળાની દહેશત



(પ્રતિનિધિ), વડોદરા. તા.17

એક તરફ વડોદરા મહાનગરપાલિકા કરોડો રૂપિયાના ધૂમાડા કરી 'સ્વચ્છતા સર્વેક્ષણ'માં મોખરે આવવાના બણગાં ફૂંકે છે, તો બીજી તરફ શહેરના અત્યંત પોશ ગણાતા અકોટા વિસ્તારમાં તંત્રની કામગીરીના લીરા ઉડી રહ્યા છે. અકોટા રોડ પર આવેલા ન્યારા પેટ્રોલ પંપ પાસે, ગટરના ઉભરાતા પાણીએ પાલિકાના તમામ દાવાઓની પોલ ખોલી નાખી છે. ભર ઉનાળે ગટરના પાણી રસ્તા પર ઉભરાવાને કારણે મચ્છરોનો ઉપદ્રવ અને અસહ્ય દુર્ગંધથી સ્થાનિકોનું જીવવું દુષ્કર બન્યું છે. ડાયરિયા, કોલેરા અને ટાઈફોઈડ જેવા જળજન્ય રોગો ફેલાવવાની પૂરેપૂરી શક્યતા હોવા છતાં પાલિકાનું આરોગ્ય અને ડ્રેનેજ વિભાગ કોઈ નક્કર કામગીરી કરવાને બદલે આંખ આડા કાન કરી રહ્યું હોય તેમ જણાય છે. અકોટા જેવા પોશ વિસ્તારની જો આ હાલત હોય, તો સામાન્ય વિસ્તારોની સ્થિતિ કેટલી બદતર હશે ? દર વર્ષે ડ્રેનેજ લાઈનોની સફાઈ અને મેઈન્ટેનન્સ પાછળ ખર્ચાતા કરોડો રૂપિયા જાય છે ક્યાં ? ટેક્સ ભરતી જનતા શું ગટરના પાણીમાં ચાલવા માટે મજબૂર છે ? હવે જોવાનું એ રહે છે કે એરકન્ડિશન્ડ કેબિનોમાં બેસતા અધિકારીઓ આ ગંદકી જોવા બહાર નીકળે છે કે પછી જનતાએ હજુ વધુ સમય નર્ક જેવી સ્થિતિમાં વિતાવવો પડશે.

# કથિત રીતે PI વતી રૂા.2 લાખની લાંચમાં પકડાયેલા સાજીદના એક દિવસના રિમાન્ડ

**લવજેહાદ** કેસમાં કાર્યવાહી ન કરવા લાંચની માંગણી પીઆઈએ કરી હતી, વી એ ચારણ ભૂગર્ભમાં

**આરોપી** સાજીદ ની પૂછપરછ કરવા છતાં ઉડાઉ અને અલગ અલગ જવાબ આપતો

વડોદરાઃ લવજેહાદના કેસની કાર્યવાહી નહીં કરવા માટે કથિત રીતે પાદરા પોલીસ સ્ટેશનના પીઆઈ વી એ ચારણ વતી યુવક પાસેથી રૂપિયા બે લાખની લાંચ લેતા ઝડપાયેલા સાજીદ સૈયદની વધુ પૂછપરછ કરવા માટે એસીબીએ તેને કોર્ટમાં રજૂ કરીને બે દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. જેમાં ડીજીપી અનિલ દેસાઈ દ્વારા આર્ગ્યુમેન્ટ્સ કરાઈ હતી. જેને ધ્યાનમાં રાખીને મેજિસ્ટ્રેટ દ્વારા આરોપી સાજીદ સૈયદના એક દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કર્યા છે. પાદરા તાલુકાના સીજા કુવા ગામે રહેતાયુવકનો ગત 9 એપ્રિલના રોજ પાદરા વિસ્તારમાં ઝઘડો થયો હતો. આ ઝઘડાના બનાવ બાદ યુવક સહિતના લોકોને પાદરા પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. જ્યાં આરોપી પોલીસ ઈન્સ્પેક્ટર વી.એ.ચારણે જણાવ્યું હતું કે આ બનાવમાં "લવજેહાદ"નો ગુનો બની શકે છે અને આગળની કાર્યવાહી અટકાવવી હોય તો સાજીદનો સંપર્ક કરવા કહ્યું હતું.આ આધારે સાજીદે પીઆઈ વતી રૂ.6 લાખની લાંચની માંગણી કરી હતી. બાદમાં રકઝક બાદ રૂ.2 લાખમાં સેટલમેન્ટ કરવામાં આવ્યું હતું. સાજીદે વારંવાર ફોન દ્વારા લાંચની માંગણી કરતા હતા. પરંતુ ફરિયાદીને લાંચ આપવાની ઈચ્છા ન હોવાને કારણે વડોદરા ગ્રામ્ય એસીબીનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ એસીબીએ ટ્રેપ ગોઠવી આરોપી સાજીદને પીઆઇ વતી લાંચ ની રકમ 2 લાખ સ્વીકારતા રંગેહાથ ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી પીઆઈ ચારણ પોતાની સત્તાનો દુરુપયોગ કરી તાજીદની મદદથી લાંચની માંગણી કરી હતી.

નર્મદા એસીબી ના પી.આઈ ડી ડી વસાવા આ ગુનાની તપાસ કરી રહ્યા છે.પકડાયેલા આરોપીને કોર્ટમાં રજુ કરતાં વધુ પૂછપરછ અને પુરાવા મેળવવા માટે 2 દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ માંગણી કરવામાં આવી હતી. આ કેસમાં ડીજીપી અનિલ દેસાઈ દ્વારા આરોપી વિરુદ્ધમાં દલીલો કરવામાં આવી હતી જેમાં મેજિસ્ટ્રેટ દ્વારા આરોપી સાજીદ અલી ગુલામ રસુલ સૈયદ (રહે.ગામ ચાણસદ, તળાવની પાળે, પ્રમુખસ્વામી મંદિરના દરવાજા બાજુ, તા. પાદરા, જી. વડોદરા)ના એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટને કારણે વંદે ભારત અમદાવાદથી ગાંધીનગર જશે નહીં

**અમદાવાદ** મંડળમાં ટ્રાફિક બ્લોક, અનેક ટ્રેનો પ્રભાવિત થશે

અમદાવાદઃ અમદાવાદ મંડળમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ ચાલી રહેલા કામને કારણે 19 એપ્રિલ 2026ના રોજ ટ્રાફિક બ્લોક લેવામાં આવશે, જેના કારણે અનેક ટ્રેનોના સંચાલન પર અસર પડશે. પશ્ચિમ રેલવે દ્વારા ગેરતપુર-અમદાવાદ ખંડ પર પ્રીકાસ્ટેડ પોર્ટલ બીમ સ્થાપિત કરવા માટે આ બ્લોક લેવામાં આવી રહ્યો છે. આ પરિસ્થિતિમાં વેસ્ટર્ન રેલ્વે દ્વારા મુસાફરોને પૂર્વ જાણ કરવામાં આવી છે કે કેટલીક ટ્રેનોને શોર્ટ ટર્મિનેટ/ઓરિજિનેટ કરવામાં આવશે, કેટલીક ટ્રેનો રદ રહેશે અને કેટલીક ટ્રેનોના સમયપત્રકમાં ફેરફાર કરવામાં આવશે.

રેલ્વેના સુત્રોના જણાવ્યા પ્રમાણે ટ્રેન નંબર 20902 ગાંધીનગર કેપિટલ-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ 19 એપ્રિલના રોજ અમદાવાદથી જ પ્રારંભ થશે અને ગાંધીનગર કેપિટલ-અમદાવાદ વચ્ચે રદ રહેશે. જ્યારે ટ્રેન નંબર 20901 મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ વટવા સ્ટેશન પર સમાપ્ત કરવામાં આવશે અને આગળનો માર્ગ રદ રહેશે.

તે ઉપરાંત, વટવા-વડોદરા અને વડોદરા-વટવા વચ્ચે ચાલતી મેમુ ટ્રેનો તેમજ વડોદરા-જામનગર અને જામનગર-વડોદરા ઈન્ટરસિટી ટ્રેનો પણ નિર્ધારિત તારીખે રદ રાખવામાં આવી છે. વલસાડ-અમદાવાદ ગુજરાત ક્વીન ટ્રેન વડોદરા-અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. આ સિવાય કેટલીક લાંબા અંતરની ટ્રેનો વિલંબ સાથે ચલાવવામાં આવશે,

## RTE પ્રવેશ અંતર્ગત અરજી કરવાનો સમયગાળો લંબાવાયો

વડોદરાઃ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ -2009 ની કલમ 12.1 (C) અન્વયે બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં 25 ટકા લેખે ધોરણ-1 માં વિનામૂલ્યે નબળા અને વંચિત જૂથનાં બાળકોને પ્રવેશ આપવા માટે સરકાર દ્વારા પ્રતિ વર્ષ સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ 2026-27 માં આરટીઈ. હેઠળ પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ 17 એપ્રિલના રાત્રીના 12 કલાક સુધી રાખવામાં આવી હતી. પરંતુ હવે ઓનલાઈન ફોર્મ ભરવાની મુદતમાં વધારો કરી આગામી તા. 23 એપ્રિલ ગુરુવાર સુધી વેબપોર્ટલ પર ઓનલાઈન અરજી કરી શકાશે. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ખાનગી સ્કૂલોમાં પ્રવેશ મેળવવા માટે ફોર્મ ભરવાની મૂદત 17 એપ્રિલના રોજ પૂર્ણ થવાની હતી. અત્યાર સુધીમાં 2,06,482 ફોર્મ ભરાયા હોવાનું જાણવા મળ્યુ છે. વાલીઓની ધ્યાનમાં રાખીને મુદતમાં વધારો કરાયો હતો.

### હરિયાણાથી પકડાયેલા આરોપીઓની સઘન પૂછપરછ

# સુનિલ ઉર્ફે અદા સહિત ત્રણના મોબાઈલ FSLમાં મોકલાશે

(પ્રતિનિધિ), વડોદરા. તા.17

વડોદરા શહેરના નંદેસરી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પકડાયેલા રૂ. 43 લાખના વિદેશી દારૂના કેસમાં સુનિલ ઉર્ફે અદો સહિત ત્રણ આરોપીઓની વિમાન દરમિયાન સગન પૂછપરછ કરાઈ રહી છે. તેમના મોબાઈલ કબજે લઈને એફએસએલમાં મોકલાશે. હરિયાણા થી ત્રણ આરોપી સાથે પકડાઈ જતા બાકીના હવે અલગ અલગ થઈ ગયા જેમાં લાલુ સિંધી સુરત કે મહારાષ્ટ્ર તરફ ભાગ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. નંદેસરી પોલીસ સ્ટેશનમાંથી ઝડપાયેલા દારૂના કેસમાં સુનિલ ઉર્ફે અદા સહિત ત્રણ આરોપી ની રિમાન્ડ દરમિયાન સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા આરોપીઓની સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે. તપાસ દરમિયાન દારૂનો જથ્થો કોને સપ્લાય થવાનો હતો તે મુદ્દે હજુ સુધી આરોપીઓ તરફથી સંતોષકારક માહિતી મળી નથી. તપાસને વધુ મજબૂત બનાવવા માટે ત્રણેય આરોપીઓના મોબાઈલ ફોન કબજે લેવામાં આવ્યા છે અને તેમાંથી કોલ ડિટેલ તથા અન્ય ડિજિટલ માહિતી મેળવવા માટે હવે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)માં મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. પોલીસ સૂત્રો મુજબ હરિયાણાથી ઝડપાયેલા આરોપીઓ બાદ હવે મુખ્ય સૂત્રધાર લાલુ સિંધી સહિતના અન્ય આરોપીઓએ પોતાની રહેવાની જગ્યાઓ બદલવાનું શરૂ કર્યું છે. તેઓ હવે અલગ અલગ જગ્યા પર વસવાટ કરી રહ્યા છે લાલુ સિંધી સુરત અને મહારાષ્ટ્ર વિસ્તારમાં ઓળખીતાઓ પાસે આશરો લેતો હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ સમગ્ર મામલે હવે સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા સુરત અને મહારાષ્ટ્ર તરફ તપાસનો વ્યાપ વધારવામાં આવશે.

# ગાંધીનગર કલેક્ટર કચેરીમાં નાયબ મામલતદાર અને વચેટીયો લાંચમાં પકડાયો

**પ્રોપર્ટી** કાર્ડ કઢાવવા માટે 9.50 લાખની લાંચ માંગવામાં આવી હતી, 4.50 લાખ સ્વીકારતાં પકડાયા

ગાંધીનગરઃ ગાંધીનગર કલેક્ટર કચેરીમાં ભ્રષ્ટાચારનો મોટો મામલો સામે આવ્યો છે.

ફરિયાદીના નજીકના સગાનું મકાનનું પ્રોપર્ટી કાર્ડ બનાવવા માટે કલેક્ટર કચેરીની જમીન ફાળવણી શાખામાં અરજી કરવામાં આવી હતી. પ્રોપર્ટી કાર્ડ કાઢવા માટે સાનુકૂળ અભિપ્રાય આપવા અને કાગળોમાં કોઈ ક્ષતિ ન કાઢવા બદલ નાયબ મામલતદાર બિપીનચંદ્ર પરમાર વતી નિવૃત્ત પટાવાળા દિનેશ વાળંદે રૂ. 9,50,000/- ની તોતિંગ લાંચની માંગણી કરી હતી. આ રકમ પૈકી પ્રથમ હપ્તા તરીકે રૂ. 4,50,000/- અત્યારે આપવાનું નક્કી થયું હતું. જેમાં એસીબીએ બંનેને રંગેહાથે પકડી લીધા હતા. અને રકમ કબજે કરી હતી. પોલીસ દ્વારા વધુ તપાસ કરવામાં આવી રહી છે.

**ઝડપાયેલા આરોપીઓની વિગત**

૧. બિપીનચંદ્ર ખેમચંદભાઇ પરમાર - નાયબ મામલતદાર, વર્ગ-૩, જમીન ફાળવણી શાખા, કલેક્ટર કચેરી, ગાંધીનગર.
૨. દિનેશ બુધાલાલ વાળંદ - નિવૃત્ત પટાવાળા (વચેટીયા તરીકેની ભૂમિકા).

# ગુજરાતમાં કાળઝાળ ગરમી, રાજકોટ 42 ડિગ્રી સાથે સૌથી ગરમ

**રાજ્યમાં** આગામી દિવસોમાં માવઠાની પણ શક્યતા

અમદાવાદઃ ગુજરાતમાં ઉનાળો આકરો બની રહ્યો છે, જેમાં સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના શહેરોમાં ગરમીનો પારો 40 ડિગ્રીને વટાવી ગયો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી એક સપ્તાહ સુધી તાપમાનમાં કોઈ મોટા ફેરફારની શક્યતા નથી, પરંતુ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને પગલે રાજ્યના કેટલાક જિલ્લાઓમાં વરસાદી ઝાપટાં પડી શકે છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના મુખ્ય શહેરોમાં નોંધાયેલ મહત્તમ તાપમાનના આંકડા જોઈએ તો, રાજકોટમાં ૪૨ ડિગ્રી સેલ્સિયસ સાથે સિઝનનું સૌથી ઊંચું તાપમાન નોંધાયું છે. સુરેન્દ્રનગરમાં પણ પારો ૪૧ ડિગ્રી રહ્યો છે, જ્યારે અમદાવાદ, ગાંધીનગર, ભૂજ, અમરેલી અને વલ્લભ વિદ્યાનગરમાં ૪૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે કાળઝાળ ગરમી અનુભવાઈ છે. અન્ય શહેરોની વાત કરીએ તો વડોદરા અને ડીસામાં ૩૯ ડિગ્રી, કેશોદમાં ૩૮ ડિગ્રી તેમજ સુરત અને ભાવનગરમાં ૩૫ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું છે.

**વરસાદની આગાહી**

રાજસ્થાન અને પાકિસ્તાન પર સર્જાયેલા સાયક્લોનિક સર્ક્યુલેશન અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે રાજ્યમાં ત્રણ દિવસ માવઠાની આગાહી કરવામાં આવી છે.

19 એપ્રિલઃ મધ્ય અને ઉત્તર ગુજરાતના છોટાઉદેપુર, દાહોદ અને મહીસાગર તેમજ સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગરમાં હળવા વરસાદની શક્યતા છે.

20 એપ્રિલઃ દક્ષિણ ગુજરાતના તાપી અને ડાંગ જિલ્લા તેમજ સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગરમાં ગાજવીજ સાથે હળવા ઝાપટાં પડી શકે છે.

21 એપ્રિલઃ દક્ષિણ ગુજરાતના ભરૂચ અને સુરત તેમજ સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગર જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

આમ, રાજ્યમાં એકતરફ આકરી ગરમીનો પ્રકોપ યથાવત રહેશે, જ્યારે બીજી તરફ વાતાવરણમાં આવતા પલટાને કારણે કેટલાક વિસ્તારોમાં માવઠું થતા ગરમી અને બફારામાં ફેરફાર જોવા મળી શકે છે.

### વિદ્યાર્થીઓને પોર્ટલ પર ફોર્મ ભરવામાં હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે

# જીકાસ પોર્ટલ વિરોધમાં ચક્કાજામનો પ્રયાસ કરનાર એબીવીપીના કાર્યકરોની અટકાયત



( પ્રતિનિધિ ) વડોદરા,તા.17

જીકાસ પોર્ટલના વિરોધમાં વડોદરામાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા દેખાવો કરવામાં આવ્યા હતા. ફતેગંજ વિસ્તારમાં ચક્કાજામનો પ્રયાસ કરાતા સયાજીગંજ પોલીસે તમામ કાર્યકરોની ટીંગાટોળી કરી અટકાયત કરી હતી. ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ જીકાસ એ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા વિકસાવવામાં આવેલું એક ઓનલાઈન પોર્ટલ છે. આ પોર્ટલ ગુજરાતની તમામ સરકારી યુનિવર્સિટીઓ અને તેમની અનુસંગત કોલેજોમાં સ્નાતક, અનુસ્નાતક અને પીએચડી અભ્યાસ ક્રમમાં પ્રવેશ મેળવવા માટેનું સત્તાવાર પોર્ટલ છે. જોકે હવે આ જીકાસ પોર્ટલમાં વિદ્યાર્થીઓ અને કોલેજો તરફથી અનેક તકલીફો અને મુશ્કેલીની ફરિયાદ આવી રહી છે. પોર્ટલ અચાનક હેંગ થઈ જાય છે, અથવા ખૂબ જ સ્લો ચાલે છે. ખાસ કરીને છેલ્લા દિવસે અરજી કરતી વખતે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ એક સાથે લોગીન કરે ત્યારે, સર્વર ક્રેશ થઈ જાય છે. ડોક્યુમેન્ટ વેરીફીકેશનમાં વારંવાર તકલીફ પડે છે અને વેરિફિકેશન સ્ટેટસ અપડેટ થતું નથી. આવી અનેક સમસ્યાઓને કારણે વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ગુજરાત પ્રદેશ દ્વારા જીકાસ પોર્ટલની સમસ્યાઓને લઈને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વિરોધ પ્રદર્શન કરતા એબીવીપીના વિદ્યાર્થી નેતાઓ અને કાર્યકર્તાઓએ ફતેગંજ ચાર રસ્તા પાસે પહોંચી બેનર્સ અને પોસ્ટર સાથે ભારે સૂત્રોચાર કર્યા હતા. જ્યાં ચક્કાજામ કરવાનો પ્રયાસ કરતા પોલીસે ટીંગાટોળી કરીને તમામ કાર્યકર્તાઓની અટકાયત કરી હતી.

### યુવકને રસ્તામાં રોકી સાયકલની ચેન અને લાકડાના ડંડાથી હુમલો

# વાઘોડિયા રોડ પર ક્રિકેટ મેચમાં ઝઘડાની અદાવતે યુવક પર હુમલો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.17

વડોદરાના વાઘોડિયા રોડ વિસ્તારમાં યોજાયેલી ક્રિકેટ ટુર્નામેન્ટમાં થયેલા ઝઘડાની અદાવતે કેટલાક શખ્સોએ યુવકને રસ્તામા આતરી સાયકલની ચેન અને ડંડાથી જીવલેણ હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર માટે એસએસજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઈજાગ્રસ્ત યુવકે 112 પર ફોન કરતાં પોલીસ દોડી આવી હતી ત્યારે હુમલાખોરો ભાગી ગયા હતા. વડોદરા શહેરના બાપોદ વિસ્તારમાં રહેતા હર્ષદભાઈ ભીમાભાઈ ભરવાડે નોધાવેલી ફરિયાદ મુજબ તેઓ છેલ્લા પાંચ વર્ષથી ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરતા આવ્યા છે.

આ વર્ષે બાપોદના હીરાબાનગર ગ્રાઉન્ડ ખાતે આયોજિત ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજવામા આવી હતી. દરમિયાન 15 એપ્રિલની રાત્રે દ્વારકેશ ઈલેવન અને જય મહાકાલ ઈલેવન વચ્ચે મેચ પૂર્ણ થયા બાદ ખેલાડીઓ વચ્ચે બોલાચાલી અને મારામારી થઈ હતી. જોકે, હાજર લોકોએ વચ્ચે પડીને મામલો શાંત પાડયો હતો. પરંતુ આ વિવાદનો બદલો લેવા માટે બીજા જ દિવસે વહેલી સવારે હર્ષદભાઈ તેમના મિત્ર દીપક શર્મા સાથે બુલેટ પર એસ.એસ.જી. હોસ્પિટલ તરફ જઈ રહ્યા હતા.

તે દરમિયાન એમ.જી. રોડ પર રણછોડરાયજી મંદિર પાસે શિવમ કહાર, હર્ષ કહાર અને તેમના અન્ય સાથીઓએ તેમને આતર્યા હતા. ત્યારબાદ આરોપીઓએ ગાળો બોલીને હર્ષદભાઈ પર હર્ષ કહાર, શિવમ કહાર અને અન્ય શખ્સોએ સાયકલની ચેન વડે અને લાકડાના ડંડાથી હુમલો કર્યો હતો. હર્ષદભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હોય મારથી બચવા હર્ષદભાઈ નજીકની ગલીમાં ભાગ્યા હતા, પરંતુ આરોપીઓએ તેમનો પીછો કરી ફરી હુમલો કર્યો હતો.

ત્યારબાદ હર્ષદભાઈ અને તેમના મિત્રે 112 ઈમર્જન્સી નંબર પર ફોન કરતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસને આવતી જોઈ હુમલાખોરો ભાગી ગયા હતા. ઈજાગ્રસ્ત હર્ષદભાઈને તાત્કાલિક સારવાર માટે જમનાબાઈ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. હર્ષદભાઈની ફરિયાદના આધારે પોલીસ દ્વારા શિવમ કહાર, હર્ષ કહાર અને અન્ય અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ તપાસ શરૂ કરવામાં આવી છે.

### માતા 'રાધા' એ બચ્ચાને તરછોડતા ડોક્ટરોએ સંભાળ લીધી

# સયાજીબાગ ઝૂમાં 40 વર્ષ બાદ સફેદ વાઘના બચ્ચાનો ઘુંઘવાટ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.17

વડોદરા મહાનગરપાલિકા સંચાલિત સયાજીબાગ પ્રાણીસંગ્રહાલયમાંથી વન્યજીવ પ્રેમીઓ માટે અત્યંત આનંદના સમાચાર સામે આવ્યા છે. ઝૂના ઈતિહાસમાં આશરે 40 વર્ષના લાંબા અંતરાલ બાદ સફેદ વાઘના બચ્ચાનો જન્મ થયો છે, જે વડોદરાના નાગરિકો અને પ્રાણી સંગ્રહાલયના વહીવટી તંત્ર માટે એક મોટી સિદ્ધિ માનવામાં આવી રહી છે. ડિસેમ્બર 2025માં રાજકોટ ઝૂ ખાતેથી સફેદ વાઘની જોડી વડોદરા લાવવામાં આવી હતી. આ જોડી પૈકીની માદા સફેદ વાઘણ 'રાધા' એ 9 એપ્રિલ 2026ના રોજ વહેલી સવારે એક બચ્ચાને જન્મ આપ્યો હતો. જોકે, રાધા પ્રથમ વખત માતા બની હોવાથી તેનામાં કુદરતી માતૃત્વની સમજ ઓછી જોવા મળી હતી, જેના કારણે તેણે નવજાત બચ્ચાને સ્તનપાન કરાવ્યું ન હતું. વન્યજીવ પ્રોટોકોલ મુજબ 24 કલાક સુધી રાહ જોયા બાદ, ઝૂના વેટરનરી ડોક્ટરોની ટીમે તાત્કાલિક નિર્ણય લઈ બચ્ચાને બચાવવા માટે તેને 'હેન્ડ-રેરિંગ' એટલે કે માનવીય દેખરેખ હેઠળ લેવાની કામગીરી શરૂ કરી હતી. હાલમાં આ બચ્ચાને ઝૂ વેટરનરી હોસ્પિટલના ખાસ નિયુક્ત કરેલા કેર યુનિટમાં નર્સિંગ સ્ટાફની ચોવીસ કલાક દેખરેખ હેઠળ રાખવામાં આવ્યું છે. ડોક્ટરોના જણાવ્યા અનુસાર, બચ્ચાની તબિયત હાલ સ્થિર અને સારી છે. બીજી તરફ, માતા રાધા પણ સંપૂર્ણ સ્વસ્થ છે. બચ્ચાને કોઈપણ પ્રકારના ચેપથી બચાવવા માટે હાલ તેને ક્વોરન્ટાઈન ફેસિલિટીમાં રાખવામાં આવ્યું છે અને સીસીટીવી કેમેરા દ્વારા તેનું સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. વન્યજીવ નિયમો અને સુરક્ષાના કારણોસર અત્યારે આ બચ્ચાને જાહેર જનતાના જોવા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું નથી.

### મોટર વાહન વ્યવહાર વિભાગે નિયમોમાં ફેરફાર કર્યો

# ડ્રાઈવિંગ લાયસન્સ એક્સપાયર થયા બાદ એક મહિના સુધી માન્ય રહેશે

વાહનમાં નામ ટ્રાન્સફર કેસમાં ઈન્શ્યોરન્સમાં નામ ટ્રાન્સફર 1 મહિના સુધી કરી શકાશે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.17

મોટર વાહન વ્યવહાર વિભાગે ડ્રાઈવિંગ લાઈસન્સ, વાહન ઈન્શ્યોરન્સ મુદ્દે નવા નિયમો બહાર પાડ્યા છે. જે મુજબ ડ્રાઈવિંગ લાઈસન્સ એક્સપાયર થયા બાદ પણ એક મહિના સુધી માન્ય ગણાશે, અગાઉ મુદત પુરી થઈ જાય એટલે લાઈસન્સ રદ થઈ જતું હતું. અકસ્માતના કેસમાં 6 મહિનાના બદલે એક વર્ષ સુધી અરજી કરી શકાશે. વાહન રજિસ્ટ્રેશન રદ કરવાનો સમયગાળો 14થી વધારીને 30 દિવસ કરવામાં આવ્યો છે. વાહનમાં નામ ટ્રાન્સફર કેસમાં ઈન્શ્યોરન્સમાં નામ ટ્રાન્સફર 1 મહિના સુધી કરી શકાશે. કેન્દ્રએ મોટર વ્હીકલ એક્ટમાં સુધારો કરીદન વિશ્વાસ બિલ મુક્યું છે. અકસ્માત થાય ત્યારથી માંડી એક વર્ષ સુધી વળતર માટે અજી કરી શકાશે, જે પહેલા છ મહિના સુધી જ થતી હતી. નવા સુધારા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ટ્રાફિકના નિયમો પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવાનો છે. સજાના કડક વલણને બદલે વહીવટી પ્રક્રિયાને વધુ સરળ બનાવીને લોકોને નિયમ પાલન માટે સમય અને તક આપવાનો છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં વાહનોની સંખ્યા વધવાના સાથે જીવલેણ અકસ્માતની સંખ્યા વધી રહી છે. રોજબરોજ રાજ્યના કોઈને કોઈ ખૂણામાં અકસ્માતના બનાવ સામે આવતા રહે છે.

આરટીઆઈ અંતર્ગત માંગવામાં આવેલી માહિતીમાં ગુજરાતમાં માર્ગ સલામતીની વરવી વાસ્તવિકતા સામે આવી હતી. વર્ષે 2021 થી 2025 દરમિયાન રાજ્યમાં માર્ગ અકસ્માતની કુલ 79,054 ઘટના બની હતી. જેમાં 38,530 લોકોએ જીવ ગુમાવ્યા હતા. એટલે કે રાજ્યમાં દર કલાકે અકસ્માની બે ઘટના અને એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું. આ ઉપરાંત રાજ્યમાં હિટ એન્ડ રનની વધતી ઘટના માર્ગ સલામતી માટે એક મોટી ચિંતા તરીકે ઉભરી આવ્યા હતા. 2020 થી 2024 દરમિયાન રાજ્યમાં કુલ 9597 બનાવો નોંધાયા છે. લોકસભામાં માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા મુજબ રાજ્યમાં આવા કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. જેમાં રાજ્યમાં વાર્ષિક સરેરાશ 1800 થી વધુ ઘટનાઓ બને છે, અર્થાત્ રોજની સરેરાશ 5 ઘટના બને છે.